## ॥ સ્વામિનારાયણ મહામંત્ર મહિમા ॥

જે સ્વામિનારાયણ નામ લેશે, તેનાં બધાં પાતક બાળી દેશે; છે નામ મારાં શ્રુતિમાં અનેક, સર્વોપરી આજ ગણાય એક. ॥૧॥
જો સ્વામિનારાયણ એકવાર, રટે બીજાં નામ રટ્યાં હજાર; જપ્યા થકી જે ફળ થાય એનું, કરી શકે વર્ણન કોણ તેનું. ॥૨॥
ષડક્ષરી મંત્ર મહા સમર્થ, જેથી થશે સિદ્ધ સમસ્ત અર્થ; સુખી કરે સંકટ સર્વ કાપે, અંતે વળી અક્ષરધામ આપે. ॥૩॥
ગાયત્રીથી લક્ષ ઘણો વિશેષ, જાણે જ જેનો મહીમા મહેશ; જ્યાં જ્યાં મહામુક્તજનો વસાય, આ કાળમાં તો જપ એજ થાય. ॥૪॥
જો અંતકાળે શ્રવણે સુણાય, પાપી ઘણો તે પણ મોક્ષ થાય; તે મંત્રથી ભૂત પિશાચ ભાગે, તે મંત્રથી તો સદ્‌બુદ્ધિ જાગે. ॥૫॥
તે મંત્ર જેના મુખથી જપાય, તેના થકી તો યમ નસી જાય; શ્રી સ્વામિનારાયણ જે કહેશે, ભાવે કુભાવે પણ મુક્તિ લેશે. ॥૬॥
ષડક્ષરી છે ષટ્‌શાસ્ત્ર સાર, તે તો ઉતારે ભવસિંધુ પાર; છયે ઋતુમાં દિવસે નિશાયે, સર્વે ક્રિયામાં સમરો સદાયે. ॥૭॥
પવિત્ર દેહે અપવિત્ર દેહે, તે નામ નિત્યે સ્મરવું સનેહે; જળે કરીને તન મેલ જાય, આ નામથી અંતર શુદ્ધ થાય. ॥૮॥
જેણે મહાપાપ કર્યાં અનંત, જેણે પીડ્યા બ્રાહ્મણ ધેનુ સંત; તે સ્વામિનારાયણ નામ લેતાં, લાજી મરે છે મુખથી કહેતાં. ॥૯॥
શ્રી સ્વામિનારાયણ નામ સાર, છે પાપને તે પ્રજળાવનાર; પાપી ઘણું અંતર હોય જેનું, બળ્યા વિના કેમ રહેજ તેનું.॥૧૦॥